આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-07-08-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

-----------------------------------------------------------------------

## રાજ્ય બીજીવાર આરોગ્ય સુખાકારીમાં દેશમાં પ્રથમ

રાજ્યમાં માતા અને બાળ મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. નીતિ આયોગે જાહેર કરેલા સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ ઇન્ડેક્સના ચોથા અહેવાલમાં આ માહિતી સામે આવી છે. આ અહેવાલ મુજબ, ગુજરાત રાજ્ય સતત બીજી વખત આરોગ્ય સુવિધા સુખાકારી ક્ષેત્રે દેશભરમાં પ્રથમ ક્રમાંકે રહ્યું છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે આ સિદ્ધિ બદલ આરોગ્યકર્મીઓની કામગીરીને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી

આગામી નવમી ઑગસ્ટે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાશે. ત્યારે રાજ્યમાં વન અધિકાર અધિનિયમ અંતર્ગત એક લાખથી વધુ વનબંધુ સાડા પાંચ લાખ હેક્ટરથી વધુ જમીનના માલિક બન્યા છે. વન અધિકાર અધિનિયમ **2006** કાયદા અંતર્ગત સરકારે વ્યક્તિગત તેમ જ સામુદાયિક કુલ **1** લાખ **2** હજાર **612** દાવા મંજૂર કર્યા છે. આના કારણે **5** લાખ **59** હજાર **332** હેક્ટર જમીન વનબંધુ માટે માન્ય રાખવામાં આવી છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## રોજગાર પ્રોત્સાહન યોજના ELI

રોજગાર સાથે જોડાયેલી પ્રોત્સાહન યોજના - **ELI** હેઠળ દેશમાં બે વર્ષમાં **2** કરોડથી વધુ નોકરીઓનું સર્જન કરવાનો કેન્દ્ર સરકારનો લક્ષ્યાંક છે. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ બેઠકના અધ્યક્ષસ્થાનેથી કેન્દ્રીય બજેટ **2024-25**માં જાહેર કરાયેલી આ યોજના ઝડપથી અમલમાં મૂકવાની સૂચના આપી હતી.

**RNU અમદાવાદ**

---

## માછીમારીની નવી સિઝન 15મી ઓગસ્ટથી શરૂ કરવા નિર્ણય

રાજ્ય સરકારે માછીમારીની નવી સીઝન પહેલી ઓગસ્ટના બદલે ૧૫ ઓગસ્ટથી શરૂ કરવાના નિર્ણય બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલનો આભાર માન્યો હતો.

ઉલ્લેખનીય છે કે અગાઉ પહેલી જૂનથી ૩૧ જુલાઈના સમયગાળા દરમિયાન માછીમારી બંધ સીઝન જાહેર કરવામાં આવી હતી. પણ ગ્લોબલ વોર્મિંગના પરિણામે ઋતુચક્રમાં આવેલા પરિવર્તનથી છેલ્લા ૫-૭ વર્ષથી ચોમાસામાં ખાસ કરીને ઓગસ્ટ મહિનાની શરૂઆતના દિવસો દરમિયાન દરિયામાં લોપ્રેશર અને તોફાન આવતા હોય છે. તેને પગલે રાજ્ય સરકારે આ વર્ષે ૧૫ ઓગસ્ટથી માછીમારી સીઝન શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો.

**RNU અમદાવાદ**

---

## જિલ્લા કક્ષાની સ્વાતંત્ર્યપર્વની ઉજવણી અંગે સમીક્ષા

આગામી સ્વાતંત્ર્ય પર્વ ૧૫મી ઓગસ્ટની જિલ્લા કક્ષાની ઉજવણી કેબિનટ મંત્રી બળવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને ગાંધીધામ ખાતે યોજાશે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં નાગરિકો સહભાગી થાય અને કાર્યક્રમ સુચારૂ રીતે યોજાઈ તે માટે ગઈકાલે જિલ્લા કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને આયોજન અંગેની બેઠક યોજાઈ હતી. જેમાં ઉચ્ચ અધિકારીઓને અલગ અલગ વિભાગની કામગીરીની સોંપણી કરાઈ હતી. આ ઉપરાંત રીહર્સલ સહિતના મુદ્દાઓની સમીક્ષા કરીને સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

મા.ખા

-----------------------------------------------------------------------------

## સુજલામ સુફલામ યોજના

ગત વર્ષે સુજલામ સુફલામ યોજના અંતર્ગત કચ્છ જિલ્લાના ૭ તાલુકામાં ૬૬ જેટલા તળાવોમાં કામગીરી કરવામાં આવી હતી. જેમાં ૬૬ તળાવમાંથી કુલ ૬.૨૧ લાખ હજાર ઘનમીટર માટી ઉપાડવામાં આવી હતી. તળાવ ઉંડા કરવાની કામગીરીમાં ખોદાણ કરતા નિકળેલી માટી સ્થાનિક કિસાનોને સ્વખર્ચે ઉપાડી લેવા અનુમતી અપાઈ હતી. કાચા સોના સમાન માટી કિસાનો સ્વખર્ચે લઈ ગયા હતા. આમ એક પણ રૂપિયાના ખર્ચા વગર જળસંચયનું કામ થયું હતું. અને સ્થાનિક ક્સિાનોને પણ લાભ મળ્યો હતો.

N.P

-----------------------------------------------------------------------------

## શ્રાવણી તહેવારો માટે એસટી દ્વારા વધારની બસો દોડાવાશે

પવિત્ર શ્રાવણ માસના પ્રારંભ સાથે જ તહેવારોની લાંબી સિઝન શરૂ થાય છે. ત્યારે તહેવારો દરમ્યાન પ્રવાસીઓનું આવાગમન વધવાની શક્યતાઓના પગલે એસટી તંત્ર સતર્ક બન્યું છે. પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન રક્ષાબંધન અને સાતમ-આઠમના તહેવારોમાં ટ્રાફિકમાં વધારો થતો હોય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ રક્ષાબંધન અને સાતમ – આઠમના તહેવારો દરમ્યાન કચ્છથી ઉત્તર ગુજરાત, અમદાવાદ અને રાજકોટના રૂટ પર વિશેષ ટ્રાફિક રહે છે. આ તમામ રૂટા પર પ્રવાસીઓના ધસારાને ધ્યાને લઈ જરૂરિયાત અનુસાર વધારાની ટ્રીપો દોડાવવામાં આવશે.

N.P

-----------------------------------------------------------------------------

## જાહેરનામું

જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો, મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી અંતર્ગત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે સાવચેતીની પગલાંરૂપે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મિતેશ પંડ્યાએ તા. 15મી ઓગસ્ટ સુધી સમગ્ર જિલ્લામાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે.

મા.ખા

---

## હવામાન અંગે આગાહી

**હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમ્યાન આજથી 12 ઓગસ્ટ સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જે અંતર્ગત આજે રાજ્યની સાથે કચ્છ તેમજ સૌરાષ્ટ્રમાં અમુક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.**

**RNU** અમદાવાદ

---

RNU BHC